**JUDGEMENT** **CC No.553-2025**

सत्यमेव जयते

<table>
<tr><td>રજુ તારીખ</td><td colspan="3">૧૭/૧૧/૨૦૨૫</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૭/૧૧/૨૦૨૫</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૦૬/૦૪/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૪</td><td>૨૦</td></tr>
</table>

## ફોર્મ–એ

<table>
<tr><td colspan="2">પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.<br>ક્રિમીનલ કેસ નં.553/2025<br>આંક–</td></tr>
<tr><td colspan="2">પડધરી પો. સ્ટે. ગુ. રજી. નં.બી–૧૧૨૧૩૦૪૨૨૫૦૪૭૫/૨૦૨૫</td></tr>
<tr><td colspan="2">જુગારધારાની કલમ–૧૨</td></tr>
<tr><td>ફરિયાદી</td><td>શ્રી સરકાર</td></tr>
<tr><td>ફરિયાદપક્ષ તરફે</td><td>વિદ્વાન એ.પી.પી શ્રી ડૉ.જી.એ.ઠાકર.</td></tr>
<tr><td>આરોપીઓ</td><td>(૦૧) અલ્પેશભાઈ કરશનભાઈ કામરીયા,<br>રહે. યુનીવર્સીટી રોડ, નંદબસેરા, ગોલ્ડન સુપર માર્કેટ સામે, રાજકોટ.<br>(૦૨) પરેશભાઈ ગીરધરભાઈ જાવીયા,<br>રહે. સાધુ વાસવાણી રોડ, અનંતા વિવંતા એપાર્ટમેન્ટ–૪૦૩, રાજકોટ<br>(૦૩) હાર્દિક કમલેશભાઈ કોરીંગા,<br>રહે. સાધુ વાસવાણી રોડ, રોયલ પરીસર, નંદપરીસરની સામે રાજકોટ.<br>(૦૪) નૈમિષ દેવકરણભાઈ રંગપરીયા,<br>રહે. રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાછળ, મોબાસા પાર્ક–૧, રાજકોટ</td></tr>
</table>

| | |
|---|---|
| | **(૦૫) મહેન્દ્રભાઈ પ્રાગજીભાઈ કામરીયા,**<br>રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટ<br>**(૦૬) પ્રકાશભાઈ જસવંતભાઈ મેંદપરા,**<br>રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટ<br>**(૦૭) યતિન ચંદુભાઈ કામરીયા,**<br>રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટ<br>**(૦૮) પંકજ ભીમજીભાઈ કાલાવડીયા,**<br>રહે. પાટીદાર રેસીડેન્સી, પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, રાજકોટ.<br>**(૦૯) રીન્ટુ કરશનભાઈ કામરીયા,**<br>રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટ. |
| આરોપીઓપક્ષ તરફે | **વિદ્વાન વકીલશ્રી એ.આર.બાંભવા.** |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૧/૨૦૨૪ |
| પ્રથમબાતમી અહેવાલની તારીખ | ૧૫/૦૧/૨૦૨૪ |
| આખરી અહેવાલ રજુ થયાની તારીખ | ૧૭/૧૧/૨૦૨૫ |
| પ્લી ઘડ્યાની તારીખ | ૦૯/૧૦/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૮/૧૧/૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | –––––– |

**// આરોપીઓની વિગત //**

| આરોપીઓનો અનુક્રમ નંબર | આરોપીઓનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ભા.ના.સુ.સં.ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | **અલ્પેશભાઈ કરશનભાઈ કામરીયા,** | – | – | જુગાર ધારાની કલમ– | નિર્દોષ ઠરાવી છોડી | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨ | **પરેશભાઈ ગીરધરભાઈ જાવીયા** | | | ૧૨ મુજબ | મુક્યા | | |
| ૦૩ | **હાર્દિક કમલેશભાઈ કોરીંગા** | | | | | | |
| ૦૪ | **નૈમિષ દેવકરણભાઈ રંગપરીયા** | | | | | | |
| ૦૫ | **મહેન્દ્રભાઈ પ્રાગજીભાઈ કામરીયા** | | | | | | |
| ૦૬ | **પ્રકાશભાઈ જસવંતભાઈ મેંદપરા** | | | | | | |
| ૦૭ | **ચતિન ચંદુભાઈ કામરીયા,** | | | | | | |
| ૦૮ | **પંકજ ભીમજીભાઈ કાલાવડીયા** | | | | | | |
| ૦૯ | **રીન્ટુ કરશનભાઈ કામરીયા** | | | | | | |

**<u>ફોર્મ–સી</u>**

**–ચુકાદાનું પરિશિષ્ટ–**

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીની યાદી**

**ક. ફરીયાદપક્ષના**

| ક્રમ નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | લાલજીભાઈ મગનભાઈ ઝીંઝુવાડીયા | ૨૪ | પંચસાહેદ |
| ૨. | અશોકભાઈ વિનુભાઈ ડાંગર | ૨૭ | ફરિયાદી |
| ૩. | ભગીરથસિંહ માનસિંહ જાડેજા | ૩૦ | ત.ક.અ. |

**ખ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ગ. અદાલતના સાક્ષી, જો હોય તો**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજના આંકની યાદી**

**ક. ફરીયાદપક્ષ**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૨૫ | પંચનામું |
| ૨. | ૨૮ | અસલ ફરિયાદ |
| ૩. | ૩૧ | એફ.આઈ.આર. |
| ૪. | ૩૨ | ગુન્હો રજી. કર્યાનો રીપોર્ટ |
| ૫. | ૩૩ થી ૪૧ | ૩૫(૩) મુજબની નોટીસ |

**ખ. બચાવપક્ષ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ગ. અદાલત**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ઘ. ભૌતીક પદાર્થ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| મુદ્દામાલ પાવતી નં.૧૪૭/૨૦૨૫, તા.૩૦/૦૭/૨૦૨૫ મુજબ | | |

**(૧.૦) પ્રસ્તાવનાં–**

આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ પડધરી પોલીસ સ્ટેશનનાં ગુ.ર.નં.૧૧૨૧૩૦૪૨૨૫૦૪૪૫/૨૦૨૫ થી જુગારધારાની કલમ–૧૨ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

**(૨.૦) ફરીયાદની ટુંકમાં હકીકત–**

આ કામનાં આરોપીઓ જાહેર જગ્યામાં ગંજીપત્તાના પાના તીન પત્તીનો નસીબ આધારીત હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૭૨,૭૦૦/– તથા ગંજીપત્તા નંગ–૫૨ નાં મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે પડધરી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.–૧૧૨૧૩૦૪૨૨૫૦૪૪૫/૨૦૨૫ થી જુગારધારાની કલમ–૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસના અંતે ત. ક. અમલદારે આ અદાલતમાં આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૩.૦) કેસની કાર્યવાહી–**

ફરીયાદીની ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૯૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપીઓ જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૧૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓની વિરૂદ્ધનો ગુનો સમન્સ ટ્રાયબલ હોય આરોપીઓને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આંક–૧૩ થી ૨૧ સુધી પ્લી નોંધવામાં આવેલી. આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરેલી તેથી ફરીયાદપક્ષ તરફે કેસ આગળ ચલાવેલ છે.

**(૪.૦)** ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઇ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો જણાઇ આવતાં આરોપીઓનું વિશેષ નિવેદન

નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, અમો નિર્દોષ હોવાનું અને ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ વિ.વ.શ્રીની ઉભયપક્ષે દલીલો સાંભળી.

**(૫.૦)** ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીઓનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**--મુદ્દાઓ--**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓ જાહેર જગ્યામાં ગંજીપત્તાના પાના તીન પત્તીનો નસીબ આધારીત હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૭૨,૭૦૦/- તથા ગંજીપત્તા નંગ-૫૨ નાં મુદ્દામાલ સાથે મળી આવી જુગારધારાની કલમ-૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૬.૦)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**--નિર્ણયો--**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**// કારણો //**

(૭.૦) **મુદ્દા નં.૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા –**

આ કામે આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલનાં ગુન્હામાં આરોપીઓ વિરૂદ્ધની હકિકત નિઃશંકપણે સાબીત કરવા અંગેનાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

(૮.૦) સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે તપાસેલા સાહેદોની જુબાની ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

(૮.૧) ફરિયાદપક્ષ તરફે આંક–૨૪ થી પંચસાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચસાહેદ તેઓનાં કોર્ટ રૂબરૂનાં સોગંદનામા ઉપરનાં મૌખિક પુરાવા દરમ્યાન હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું પંચસાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવાં આવેલ હોવા છતાં તેઓ પોતાનાં સરતપાસનાં પુરાવાને વળગી રહેલ છે અને આંક–૨૫ થી રજુ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરેલ નથી.

(૮.૨) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી અશોકભાઈ વિનુભાઈ ડાંગર આંક–૨૭ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હું સને ૨૦૨૫ માં પડધરી પોલીસ સ્ટેશનમા પો.કોન્સ નોકરી કરતો હતો. ગત તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ અમો તથા પો.કોન્સ નીકુલસીંહ ઝાલા તથા એ.એસ.આઈ બી.એમ.જાડેજા સાથે સરકારી વાહનમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખંભાળા ગામે ન્યારા રોડ પર મેલડી માતાજીના મંદીર પાસે ખુલ્લા પટમા નવ ઈસમો ગોળ કુંડાળુ વાળી ગંજી પાનાના પાના વડે તીન પતીનો હારજીતનો જુગાર રમતા જોવામા આવતા તુરંત જ તે જગ્યાએ જતા નવ ઈસમને અમો પોલીસે પકડી નજીકમાંથી ક.૧–૩૫ વાગ્યે બે પંચોના માણસો બોલાવી તેઓને હકિકત થી વાકેફ કરી તેમાંથી દરેકને વારાફરતી ઉભા કરી પંચો રુબરુ નામ ઠામ પુછતા નં.૧ અલ્પેશભાઈ કરશનભાઈ કામરીયા અંગ જડતી કરતા પગ પાસેથી રુ. ૧૦૬૦૦/ નં.૨. પરેશભાઈ ગીરધરભાઈ જાવીયા નાપગ પાસેથી રુ. ૮૯૦૦/– નં.૩ હાર્દીકભાઈ કમલેશભાઈ કોરીંગા તેની પાસેથી રુ. ૮૮૦૦/– નં.૪ નૈમીષભાઈ દેવકરણભાઈ રંગપરીયા તેની પાસેથી ૬૪૦૦/– નં.૫ મહેન્દ્રભાઈ પ્રાગજીભાઈ કામરીયા તેની પાસેથી રુ.૮૦૦૦/– નં.૬ પ્રકાશભાઈ જસવંતભાઈ મેંદપરા તેની પાસેથી રુ.૮૭૦૦/–નં.૭ યતીનભાઈ ચંદુભાઈ કામરીયા તેની પાસેથી રુ.૫૮૫૦/–નં.૮ પંકજભાઈ ભીમજીભાઈ કાલાવાડીયા તેની પાસેથી રુ.૮૩૦૦/–નં.૯ રીન્ટુ કરશનભાઈ કામરીયા

તેની પાસેથી રુ.પ૪પ૦/- તથા પટમાંથી રુ.૧૭૦૦/- કબ્જે કરેલ.આમ કુલ્લે મુદ્દામાલ રૂા.૭૨,૭૦૦/- તથા છુટા છવાયા ગંજીપાના નંગ-પર પંચનામાં ની વિગતે કબજે કરેલા જે બાબતે અમો એ ફરીયાદ આપેલ હતી તેની એફ.આઇ.આરની નકલ બતાવવામાં આવે છે તે જોઇને જણાવું છું કે તે અમો એ જે ફરીયાદ આપેલ હતી તે જ છે તેને રજુ દાખલ આંક-૨૮ આપવામાં આવે છે. આરોપીઓને જોયેથી ઓળખુ છુ.

આરોપીઓપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમો પેટ્રોલિંગમાં સરકારી વાહનમાં નિકળેલ હતા અને અમારા પોલીસ નિવેદનમાં કે કોર્ટ રૂબરૂની જુબાનીમાં ખાનગી વાહનનો નંબર કે તેનું વર્ણન લખાવેલ નથી તથા પેટ્રોલિંગમાં નિકળેલ ત્યારે કોઇ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી અને તેનો ઉતારો ત.ક.અમલદારને આપેલ નથી તેમજ બનાવ વાળો વિસ્તાર એ ખુલ્લી જગ્યા છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તે ખુલ્લી જગ્યા કોની માલિકીની હતી તેનો કોઇ દસ્તાવેજી પુરાવો મારી હાજરીમાં કબજે કરેલ નથી અને ગંજી પાના બજારમાંથી સરળતાથી મળી રહે છે તથા સદર કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ જે તે ઇસમ પોતાની પાસે રાખતા હોય છે તેમજ ગંજીપાનાથી અન્ય રમતો પણ રમાય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, અમારે સુચના મુજબ કેસો કરવાના હોય તેથી હાલનો ખોટો કેસ આરોપીઓ ઉપર કરેલ છે.

(૮.૩) ફરિયાદપક્ષ તરફે ત.ક.અ. ભગીરથસિંહ માનસિંહ જાડેજા આંક-૩૦ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હું સને ૨૦૨૫ માં પડધરી પોલીસ સ્ટેશનમા પો.કોન્સ નોકરી કરતો હતો. ગત તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ અમો તથા પો.કોન્સ નીકુલસીંહ ઝાલા તથા પો.કોન્સ અશોકભાઈ ડાંગર સાથે સરકારી વાહનમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખંભાળા ગામે ન્યારા રોડ પર મેલડી માતાજીના મંદીર પાસે ખુલ્લા પટમા નવ ઈસમો ગોળ કુંડાળુ વાળી ગંજી પાનાના પાના વડે તીન પતીનો હારજીતનો જુગાર રમતા જોવામા આવતા તુરંત જ તે જગ્યાએ જતા નવ ઈસમને અમો પોલીસે પકડી નજીકમાંથી ક.૧-૩પ વાગ્યે બે પંચોના

માણસો બોલાવી તેઓને હકિકત થી વાકેફ કરી તેમાંથી દરેકને વારાફરતી ઉભા કરી પંચો રુબરુ નામ ઠામ પુછતા નં.૧ અલ્પેશભાઈ કરશનભાઈ કામરીયા અંગ જડતી કરતા પગ પાસેથી રુ. ૧૦૬૦૦/ નં.૨. પરેશભાઈ ગીરધરભાઈ જાવીયા નાપગ પાસેથી રુ. ૮૯૦૦/- નં.૩ હાર્દીકભાઈ કમલેશભાઈ કોરીંગા તેની પાસેથી રુ. ૮૮૦૦/- નં.૪ નૈમીષભાઈ દેવકરણભાઈ રંગપરીયા તેની પાસેથી ૬૪૦૦/- નં.૫ મહેન્દ્રભાઈ પ્રાગજીભાઈ કામરીયા તેની પાસેથી રુ.૮૦૦૦/- નં.૬ પ્રકાશભાઈ જસવંતભાઈ મેંદપરા તેની પાસેથી રુ.૮૭૦૦/-નં.૭ યતીનભાઈ ચંદુભાઈ કામરીયા તેની પાસેથી રુ.૫૮૫૦/-નં.૮ પંકજભાઈ ભીમજીભાઈ કાલાવાડીયા તેની પાસેથી રુ.૮૩૦૦/-નં.૯ રીન્ટુ કરશનભાઈ કામરીયા તેની પાસેથી રુ.૫૪૫૦/- તથા પટમાંથી રુ.૧૭૦૦/- કબ્જે કરેલ.આમ કુલ્લે મુદ્દામાલ રૂા.૭૨,૭૦૦/- તથા છુટા છવાયા ગંજીપાના નંગ-૫૨ પંચનામાં ની વિગતે કબજે કરેલા જે બાબતે અશોકભાઈએ એ ફરીયાદ આપેલ હતી જેને આંક ૨૮ આપવામા આવેલ છે.અસલ ફરિયાદ મળતા પડધરી પો.સ્ટે પી.એસ.ઓ દ્વારા એફ.આઈ.આર ૨૫૦૪૫/૨૦૨૫ થી જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધવામા આવેલ જે અસલ એફ.આઈ.આર આ કામે રજુ જેને દા.રજુ આંક૩૧ આપવામા આવે છે.આ કામે અમો દ્વારા આપવામા ગુન્હો રજી રીપોર્ટ બતાવવામા આવે છે જેમા મારી સહી ઓળખી બતાવુ છુ જેને દા.રજુ આંક ૩૨ આપવામા આવે છે.આ કામે આંક ૨૫ થી રજુ પંચનામુ મને બતાવવામા આવે છે જેમા મારી તથા મારી રુબરુ પંચોની સહી હુ ઓળખી બતાવુ છુ.આ કામે ૩૫(૩) મુજબ આપવામા આવેલ નોટીસ મને બતાવવામા આવે છે જેમા મારી સહી ઓળખી બતાવુ છુ જેમા કુલ નવ નોટીસનો અનુક્રમે દા.રુ આંક ૩૩ થી ૪૧ આપવામા આવે છે. સદર કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધી નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.આરોપીઓને જોયેથી ઓળખુ છુ.

આરોપીઓપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરિયાદી અમારા સહકર્મચારી છે અને પેટ્રોલિંગમાં નિકળેલ ત્યારે કોઇ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી અને

તેનો ઉતારો ફરિયાદીએ અમોને આપેલ નથી તથા અમારા પોલીસ નિવેદનમાં કે કોર્ટ રૂબરૂની જુબાનીમાં ખાનગી વાહનનો નંબર કે તેનું વર્ણન લખાવેલ નથી તેમજ પેટ્રોલિંગમાં નિકળેલ ત્યારે કોઇ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વાળો વિસ્તાર એ ખુલ્લી જગ્યા છે અને તે ખુલ્લી જગ્યા કોની માલિકીની હતી તેનો કોઇ દસ્તાવેજી પુરાવો મે તપાસના કામે મેળવી રજુ કરેલ નથી તથા ગંજી પાના બજાર માંથી સરળતાથી મળી રહે છે તેમજ ગંજીપાનાથી અન્ય રમતો પણ રમાય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, અમારે સુચના મુજબ કેસો કરવાના હોય તેથી હાલનો ખોટો કેસ આરોપીઓ ઉપર કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સ્વતંત્ર સાહેદના નીવેદનો લીધેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પંચનામા પોલીસ સ્ટેશનમા બેસી જાતે તૈયાર કરેલ છે.

**(૯.૦) પુરવાનું મુલ્યાંકન:–**

આમ, ઉભયપક્ષનાં પુરાવાઓ તથા સાહેદોની જુબાની વંચાણે લેતાં રેઈડનો આખો બનાવ પંચો રૂબરૂ બનેલ હોય સદર કામે પંચ સાહેદોની જુબાની મહત્વની બની રહે છે. પરંતુ, સદર કામે આંક–૨૪ થી તપાસવામાં આવેલ પંચસાહેદ તેઓની જુબાનીમાં લખેલા કાગળ ઉપર પોલીસે સહી કરવાનું કહેતા તેઓની સહી લીધેલ હોવાની હકીકત જણાવી પંચનામાની હકીકત અંગે કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. જેથી તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ આરોપીઓપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીતનો સ્વીકાર કરે છે કે પોલીસે મારી તૈયાર લખેલા કાગળ ઉપર સહિ લીધેલ હતી અને તે કાગળમાં શું લખેલ છે તે મેં વાંચેલ નહિ અને પોલિસે મને વાંચીને સમજાવેલ નહિ તથા પોલીસે મારી હાજરીમાં કોઇ રેડની કાર્યવાહી કરેલ હોય કે કોઇ ઇસમોની અટક કરેલ નથી અને તેમની પાસેથી કોઇ ચીજવસ્તુઓ કબજે કરેલ હોય તેમ બનેલ નથી. આમ, તપાસવામાં આવેલ પંચસાહેદની જુબાનીને વંચાણે લેવામાં આવે તો તેઓ પ્રોસીક્યુશન તરફે આંક–૨૫ થી રજુ થયેલ પંચનામાની

હકીકતને લેષમાત્ર સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પંચનામું પ્રોસીક્યુશન મદદરૂપ થતુ નથી.

(૯.૧) વધુમાં, ફરિયાદપક્ષ તરફે આંક–૨૭ થી ફરિયાદીને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં પેટ્રોલીંગ દરમ્યાન આંક–૨૮ થી રજુ ફરિયાદની હકીકત મુજબની કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ તેઓની આરોપીઓપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને વંચાણે લેવામાં આવે તો તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમો પેટ્રોલિંગમાં સરકારી વાહનમાં નિકળેલ હતા અને અમારા પોલીસ નિવેદનમાં કે કોર્ટ રૂબરૂની જુબાનીમાં ખાનગી વાહનનો નંબર કે તેનું વર્ણન લખાવેલ નથી તથા પેટ્રોલિંગમાં નિકળેલ ત્યારે કોઇ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી અને તેનો ઉતારો ત.ક.અમલદારને આપેલ નથી તેમજ બનાવ વાળો વિસ્તાર એ ખુલ્લી જગ્યા છે તથા તે ખુલ્લી જગ્યા કોની માલિકીની હતી તેનો કોઇ દસ્તાવેજી પુરાવો મારી હાજરીમાં કબજે કરેલ નથી અને ગંજી પાના બજારમાંથી સરળતાથી મળી રહે છે તથા સદર કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ જે તે ઇસમ પોતાની પાસે રાખતા હોય છે તેમજ ગંજીપાનાથી અન્ય રમતો પણ રમાય છે. ત્યારબાદ આંક–૩૨ થી ત.ક.અ. ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદની હકીકત મુજબનો બનાવ બનેલાનું અને તેમની ફરજ ઉપરની કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ તેઓની આરોપીઓપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસને વંચાણે લેવામાં આવે તો તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદી અમારા સહકર્મચારી છે અને પેટ્રોલિંગમાં નિકળેલ ત્યારે કોઇ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી અને તેનો ઉતારો ફરિયાદીએ અમોને આપેલ નથી તથા અમારા પોલીસ નિવેદનમાં કે કોર્ટ રૂબરૂની જુબાનીમાં ખાનગી વાહનનો નંબર કે તેનું વર્ણન લખાવેલ નથી તેમજ પેટ્રોલિંગમાં નિકળેલ ત્યારે કોઇ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી તથા બનાવ વાળો વિસ્તાર એ ખુલ્લી જગ્યા છે અને તે ખુલ્લી જગ્યા કોની માલિકીની હતી તેનો કોઇ દસ્તાવેજી પુરાવો મે તપાસના કામે મેળવી રજુ કરેલ નથી તથા ગંજી પાના બજાર માંથી સરળતાથી મળી રહે છે તેમજ ગંજીપાનાથી અન્ય રમતો પણ રમાય છે. એ હકીકતનો ઈન્કાર કરે

છે કે, અમારે સુચના મુજબ કેસો કરવાના હોય તેથી હાલનો ખોટો કેસ આરોપીઓ ઉપર કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સ્વતંત્ર સાહેદના નીવેદનો લીધેલ નથી.

**(૯.૨)** આમ, સમગ્ર પુરાવો જોતાં આખો કેસ રેઈડનાં પંચનામા ઉપર આધારીત છે તે પંચનામાનાં સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી તેમજ તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ રોકડ રકમ કબજે કરેલ હોય કે કોઈ આરોપીઓની અટકાયત કરેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન કરતા નથી. ત્યારે સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી અને પંચસાહેદનાં સમર્થન વગરનાં રેઈડનાં પંચનામાની હકીકત માનવાને લાયક ન હોય તેની શંકાનો લાભ આરોપીઓને મળવો જોઈએ. આમ, ફરિયાદપક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય તેની શંકાનો લાભ આરોપીઓને મળવો જોઈએ. આમ, પ્રોસીક્યુશન પોતાનો કેસ શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય તે સંજોગોમાં આરોપીઓએ જુગારધારાની કલમ-૧૨ મુજબનો ગુન્હો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**--આખરી હુકમ--**

(૧) આ કામના આરોપીઓ **(૦૧) અલ્પેશભાઈ કરશનભાઈ કામરીયા,** રહે. યુનીવર્સીટી રોડ, નંદબસેરા, ગોલ્ડન સુપર માર્કેટ સામે, રાજકોટ, **(૦૨) પરેશભાઈ ગીરધરભાઈ જાવીયા,** રહે. સાધુ વાસવાણી રોડ, અનંતા વિવંતા એપાર્ટમેન્ટ-૪૦૩, રાજકોટ **(૦૩) હાર્દિક કમલેશભાઈ કોરીંગા,** રહે. સાધુ વાસવાણી રોડ, રોયલ પરીસર, નંદપરીસરની સામે રાજકોટ, **(૦૪) નૈમિષ દેવકરણભાઈ રંગપરીયા,** રહે. રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાછળ, મોબાસા પાર્ક-૧, રાજકોટ **(૦૫) મહેન્દ્રભાઈ પ્રાગજીભાઈ કામરીયા,** રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટ, **(૦૬) પ્રકાશભાઈ જસવંતભાઈ મેંદપરા,** રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટ **(૦૭) યતિન ચંદુભાઈ કામરીયા,** રહે. ખંભાળા,

તા.પડધરી, જી.રાજકોટ **(૦૮) પંકજ ભીમજીભાઈ કાલાવડીયા,** રહે. પાટીદાર રેસીડેન્સી, પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, રાજકોટ **(૦૯) રીન્ટુ કરશનભાઈ કામરીયા,** રહે. ખંભાળા, તા.પડધરી, જી.રાજકોટનાઓને ફોજદારી કાર્યરીતી ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે જુગારધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૦૨)** આ કામનાં આરોપીઓને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબનાં રૂ।.૫,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમનાં જામીન આપવા.

**(૦૩)** સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ–૦૬ઠી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ–1579**

NJB